# ગિરનારમાં સિંહ 12 વર્ષના બાળકને ખેંચી જંગલમાં ખેંચી ગયો

**50મા** પગથિયે વહેલી સવારે સિંહનો હુમલો, બાળકનાં અવશેષો મળી આવ્યાં

**ત્રણ** સિંહોને પકડી તપાસ કરતાં એકની ઊલટીમાં માનવ શરીરનાં અંગો મળ્યાં

**ગિરનારની** મુખ્ય સીડી પર અવરજવર બંધ કરાવી દેવાઇ

ગાંધીનગર: જૂનાગઢના વિશ્વવિખ્યાત ગિરનાર પર્વત પર શનિવારે વહેલી સવારે બનેલી હૃદયદ્રાવક ઘટનાએ સમગ્ર રાજ્યને હચમચાવી દીધું છે. ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના મોડજ ગામથી પરિવાર સાથે દર્શન માટે આવેલા 12 વર્ષના મયુરસિંહ મહેન્દ્રસિંહ ચૌહાણ પર ગિરનારના આશરે 50મા પગથિયા પાસે સિંહે અચાનક હુમલો કરી તેને કાકાના હાથમાંથી જ મોઢામાં દબોચીને જંગલમાં ખેંચી ગયો હતો. વન વિભાગ અને પોલીસની લાંબી શોધખોળ બાદ જંગલમાંથી બાળકના માનવ અવશેષો મળી આવ્યા હતા. આ ઘટના બાદ ગિરનારની મુખ્ય સીડી પર અવરજવર તાત્કાલિક બંધ કરી દેવામાં આવી છે.

હુમલાખોર હોવાની શંકા હેઠળ ત્રણ સિંહને પકડી વન વિભાગે એક સિંહની પશુચિકિત્સક દ્વારા તેની તપાસ કરાવી હતી, જેમાં તેની ઊલટીમાંથી માનવ શરીરના અંગો મળ્યાનો પ્રાથમિક ખુલાસો થયો છે. ત્યારબાદ વધુ બે શંકાસ્પદ સિંહોને પણ પકડી સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય ખાતે નિરીક્ષણ અને પરીક્ષણ માટે ખસેડવામાં આવ્યા છે.

### બે કલાક સુધી જવાબદાર અધિકારી સ્થળે પહોંચ્યા ન હતા: પરિવારનો આક્ષેપ

આ ઘટનાએ ગિરનાર પરની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. પરિવારજનોનો આક્ષેપ છે કે ઘટના બાદ લગભગ બે કલાક સુધી જવાબદાર અધિકારી સ્થળે પહોંચ્યા નહોતા. સાથે જ ગિરનારની સીડી પર પૂરતી લાઇટિંગ, સતત પેટ્રોલિંગ અને વન્યપ્રાણી સુરક્ષા વ્યવસ્થા વધારવાની પણ માંગ ઊઠી છે. હાલ સમગ્ર ઘટનાની તપાસ ચાલી રહી છે.

### એકનો એક દીકરો હતો... સરકાર હવે તેને પાછો લાવી આપશે?

મૃતક બાળકના વતન મોડજ ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે. એકમાત્ર પૌત્ર ગુમાવનાર દાદાએ વ્યથિત અવાજે કહ્યું કે, એકનો એક દીકરો હતો... સરકાર હવે તેને પાછો લાવી આપશે? જ્યારે બાળકના મામાએ આક્રંદ સાથે જણાવ્યું કે, મને કંઈ સૂઝતું નથી... મારી આંખો સામે માત્ર તેનો જ ચહેરો ફર્યા કરે છે.”પરિવારની આ વેદનાએ સમગ્ર ગામને ગમગીન બનાવી દીધું છે.

### 46 દિવસમાં સિંહના હુમલાની 9મી ઘટના, 8નાં મોત

આ ઘટના સાથે રાજ્યમાં છેલ્લા 46 દિવસમાં સિંહના હુમલાની નવમી ઘટના નોંધાઈ છે. આ સમયગાળામાં આઠ લોકોના મોત થયા છે, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. ઉપલબ્ધ આંકડાઓ મુજબ છેલ્લા છ મહિનામાં સિંહના હુમલામાં 10 લોકોના મોત નોંધાયા છે અને છેલ્લા બે મહિનામાં જ પાંચથી વધુ જીવલેણ હુમલાઓ થયા છે. નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે માનવ વસાહતો જંગલ વિસ્તાર સુધી વિસ્તરવી, સિંહોના રહેણાંક ક્ષેત્રમાં વધતી માનવ અવરજવર અને સંવેદનશીલ પ્રજનન સમયગાળા દરમિયાન વધતા સંપર્કને કારણે માનવ-સિંહ સંઘર્ષની ઘટનાઓમાં વધારો થઇ રહ્યો છે.

### યાત્રિકો અને પ્રવાસીઓને સાવચેતી રાખવા વન વિભાગની અપીલ

ઉલ્લેખનીય છે કે થોડા દિવસો પહેલાં જ અમરેલી જિલ્લાના મહુવા તાલુકાના બાંભણિયા ગામમાં શાળામાંથી ઘરે પરત ફરી રહેલા માસૂમ બાળક પર દીપડાએ હુમલો કરી તેનો જીવ લીધો હતો. સતત બની રહેલી આવી ઘટનાઓને કારણે વન્યજીવોની સુરક્ષા સાથે માનવ સુરક્ષાના પ્રશ્નો પણ વધુ ગંભીર બન્યા છે. વન વિભાગે ગિરનાર સહિત જંગલ વિસ્તારોમાં જતાં યાત્રિકો અને પ્રવાસીઓને સાવચેતી રાખવા, જૂથમાં મુસાફરી કરવા અને વિભાગની તમામ સૂચનાઓનું કડક પાલન કરવાની અપીલ કરી છે.

## સરસપુર ખાતે મામેરાના ભવ્ય દર્શન માટે ભક્તોની ભારે ભીડ

અમદાવાદ : અમદાવાદમાં નીકળનારી 149મી ઐતિહાસિક ભગવાન જગન્નાથજીની રથયાત્રાને લઈને શહેર પોલીસ દ્વારા અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સમગ્ર રથયાત્રા રૂટ પર કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે આધુનિક ટેક્નોલોજીનો વ્યાપક ઉપયોગ કરવામાં આવશે. અમદાવાદ શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે જણાવ્યું હતું કે, અમદાવાદ શહેરમાં રથયાત્રા દરમિયાન 1,000થી વધુ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિત કુલ 30 હજારથી વધુ પોલીસ કર્મચારીઓ ફરજ પર રહેશે.

આ ઉપરાંત એસઆરપીની 15 કંપનીઓ અને પેરામિલિટરી ફોર્સની 9 કંપનીઓને સંવેદનશીલ વિસ્તારોમાં તૈનાત કરવામાં આવી છે. સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે સમગ્ર રૂટ પર 65 ડ્રોન કેમેરા, સેંકડો સીસીટીવી કેમેરા, ફેસ રેકોગ્નિશન કેમેરા અને પોલીસ જવાનો માટે બોડી-વોર્ન કેમેરાનો ઉપયોગ કરવામાં આવશે. અગાઉના ગુનેગારો અને શંકાસ્પદ તત્વોને ઝડપી ઓળખી શકાય તે માટે તેમનો ડિજિટલ ડેટાબેઝ તૈયાર કરવામાં આવ્યો છે, જેના આધારે કંટ્રોલ રૂમમાંથી સમગ્ર રૂટ પર સતત નજર રાખવામાં આવશે. સાથે જ સોશિયલ મીડિયા પર અફવાઓ અને ભ્રામક માહિતી ફેલાતી અટકાવવા માટે સાયબર સેલ પણ સતત મોનિટરિંગ કરશે.

રથયાત્રાના આગમન પૂર્વે ભગવાન જગન્નાથજીના મોસાળ સરસપુર ખાતે મામેરાના ભવ્ય દર્શન માટે ભક્તોની ભારે ભીડ ઉમટી પડી છે. ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બળદેવજીને સોના-ચાંદીના મૂલ્યવાન આભૂષણો અને વિશેષ શણગારથી અલંકૃત કરવામાં આવ્યા છે.

# બાળકો માટે સોશ્યલ મીડિયા પર નિયંત્રણ મૂકવાનો કાળ પાકી ગયો છે

કેટલાંક માબાપો પોતાનાં બે વર્ષના બાળકને પણ મોબાઈલ આપીને ગર્વનો અનુભવ કરે છે. કેટલીક મમ્મીઓ ત્રણ વર્ષનાં બાળકને ભોજન કરતી વખતે હાથમાં મોબાઈલ ફોન પકડાવી દે છે. બાળક મોબાઈલ પર રીલ જોવામાં પરોવાયેલું હોય ત્યારે મમ્મી તેના મોંઢામાં કોળિયા પધરાવી દે છે. ઘણી મમ્મીઓ નોકરી કરવા જાય ત્યારે પોતાનાં બાળકને ટાઈમપાસ કરવા માટે સ્માર્ટ ફોન આપતી જાય છે. આ સ્માર્ટ ફોનનો ઉપયોગ બાળક કેવી રીતે કરે છે, તેની મમ્મીને કલ્પના પણ હોતી નથી. ભારતમાં બાળકોના મોબાઈલ ઉપર કોઈ નિયંત્રણ નથી પણ ઓસ્ટ્રેલિયા અને બ્રિટન જેવા ઘણા દેશોમાં બાળકો દ્વારા સોશ્યલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધો લાદવામાં આવી રહ્યા છે. બાળકોને હિંસક, ખોટી અને ભ્રામક સામગ્રીથી બચાવવા માટે આ પગલાં લેવામાં આવ્યાં છે. આવી સામગ્રી તેમના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર કરી રહી છે. હકીકતમાં, બધી ચિંતાઓ છતાં બાળકોનો સ્ક્રીન સમય વધી રહ્યો છે. માર્કેટ તેમને પણ લક્ષ્ય બનાવી રહ્યું છે અને આકર્ષક સામગ્રી રજૂ કરી રહ્યું છે. ડિજિટલ અર્થતંત્રમાં બાળકો હવે ફક્ત ગ્રાહકો નથી રહ્યાં, પરંતુ તેમની પસંદ, નાપસંદ અને વર્તણૂકીય ડેટાનો ઉપયોગ નફો કમાવા માટે થાય છે. બાળકોને લાંબા સમય સુધી ઓનલાઈન રાખીને કંપનીઓ નફો વધારી રહી છે.

ટુ ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

શું ભારત પણ ૧૬ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો માટે સોશ્યલ મીડિયા પર પ્રતિબંધ મૂકવા જઈ રહ્યું છે? ઓસ્ટ્રેલિયા ૧૬ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો માટે સોશ્યલ મીડિયાના ઉપયોગ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકનાર પહેલો દેશ હતો. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં આને એક મોટો શીખવાનો અનુભવ ગણાવ્યો હતો. મેલબોર્નમાં ભારત-ઓસ્ટ્રેલિયા સમિટમાં બોલતા વડા પ્રધાન મોદીએ કહ્યું કે ઓસ્ટ્રેલિયાનાં આ પગલાંથી ભારત અને અન્ય દેશોએ ઘણું શીખ્યું છે. ઓસ્ટ્રેલિયા વિશ્વનો પહેલો દેશ છે, જેણે ૧૬ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો માટે સોશ્યલ મીડિયા ઍક્સેસ પર પ્રતિબંધ મૂક્યો છે. ડિસેમ્બર ૨૦૨૫માં અમલમાં આવેલો આ કાયદો ૧૬ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોને ટિકટોક, ઈન્સ્ટાગ્રામ, ફેસબુક, યુટ્યુબ, ટ્વિટર અને સ્નેપચેટ જેવા સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર એકાઉન્ટ બનાવવા પર પ્રતિબંધ મૂકે છે.

ઓસ્ટ્રેલિયાના આ નિર્ણય પછી દુનિયાના ઘણા દેશોમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે કે શા માટે અન્ય સ્થળોએ પણ ૧૬ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો માટે સોશ્યલ મીડિયા પર પ્રતિબંધ ન મૂકવો જોઈએ. આ સંદર્ભમાં, બ્રિટનના કાર્યકારી વડા પ્રધાન કીર સ્ટાર્મરે પણ બાળકો માટે સોશ્યલ મીડિયા પર પ્રતિબંધ અને ગેમિંગ અને લાઇવ સ્ટ્રીમિંગ પર પ્રતિબંધની જાહેરાત કરી છે. આ ઉપરાંત કેનેડા, બ્રાઝિલ અને ઈન્ડોનેશિયા જેવા દેશોએ આવાં ઘણાં નિયંત્રણો લાદ્યાં છે, જ્યારે ફ્રાન્સ, સ્પેન અને દક્ષિણ કોરિયા જેવા દેશો આ



અંગે વિચારણા કરી રહ્યા છે.

ASER ૨૦૨૪ નામનો રિપોર્ટ દર્શાવે છે કે ૧૪ થી ૧૬ વર્ષની વયનાં ૮૯ ટકા કિશોરો ઘરે સ્માર્ટફોન ધરાવે છે. આમાંથી ૭૬ ટકા સોશ્યલ મીડિયા માટે સ્માર્ટફોનનો ઉપયોગ કરે છે. કલ્પના કરો કે કોઈ બાળક સવારે ઊઠીને મોબાઇલ ફોન ઉપાડે છે અને ફેસબુક કે ઈન્સ્ટાગ્રામનું પેજ જોવા લાગે છે. તે નાસ્તાના ટેબલ પર પહોંચે તે પહેલાં જ બહુવિધ ડિજિટલ પ્લેટફોર્મના અલ્ગોરિધમ્સ તેમનું ધ્યાન ખેંચવા માટે સ્પર્ધા કરી રહ્યા હોય છે. બાળક દ્વારા કરવામાં આવતાં દરેક સ્ક્રોલ, દરેક સ્વાઈપ અને દરેક સર્ચ AI દ્વારા રેકોર્ડ કરવામાં આવે છે. પછી તેનું વિશ્લેષણ કરવામાં આવે છે અને તેનું નાણાંકીય મૂલ્યમાં રૂપાંતર થાય છે. આશ્ચર્યજનક રીતે આ સમગ્ર પ્રક્રિયા ફક્ત ૫૦ થી ૧૦૦ મિલિસેકન્ડમાં પૂર્ણ થાય છે પણ બાળકને તેની ગંધ પણ આવતી નથી.

આજે યુટ્યૂબ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ જેવા મોટા ભાગના ડિજિટલ પ્લેટફોર્મ કાં તો મફત છે અથવા ખૂબ જ ઓછી સબ્સ્ક્રિપ્શન ફી ધરાવે છે, કારણ કે તેમની વાસ્તવિક કમાણીનું સાધન વપરાશકર્તા પોતે છે. સોશ્યલ મીડિયાના બધા પ્લેટફોર્મ બાળકોને શક્ય તેટલા લાંબા સમય સુધી વ્યસ્ત રાખવા માટે રચાયેલ છે. બાળકો જેટલો સમય સોશ્યલ મીડિયામાં ચિટકી રહે, તેમ તેમની કમાણી વધે છે. તેઓ સોશ્યલ મીડિયામાં બાળકોના વર્તન ઉપર નજર રાખે છે. બાળકોના વર્તન સંબંધિત ડેટા બજારમાં ઊંચા ભાવે વેચાય છે. આજના સમયમાં સોશ્યલ મીડિયામાં તમારું ધ્યાન સૌથી મૂલ્યવાન ચલણ છે. બાળકોનું ધ્યાન વધુ મૂલ્યવાન છે, કારણ કે તેઓ ભવિષ્યના ગ્રાહકો છે. અર્થશાસ્ત્રી અને સામાજિક વૈજ્ઞાનિક હર્બર્ટ સિમોને જણાવ્યું હતું કે સોશ્યલ મીડિયામાં એટલી બધી માહિતી ઠાલવી દેવામાં આવે છે કે વપરાશકર્તા કોઈ એક વિષય પર લાંબો સમય ટકી શકતો નથી. માહિતીનો ભાર ધ્યાનની ખામી પેદા કરે છે. સોશ્યલ મીડિયામાં કઈ માહિતી ઉપયોગી છે અને કઈ હાનિકારક છે, તે નક્કી કરવાની ક્ષમતા બાળકોમાં નથી હોતી. AI અને ચેટબોટ્સના યુગમાં બાળકો માટે યોગ્ય અને ઉપયોગી માહિતી પસંદ કરવી એ એક પડકાર રહે છે.

સામાજિક મનોવૈજ્ઞાનિક જોનાથન હૈદ્ટ દલીલ કરે છે કે બાળપણ રમત-આધારિતને બદલે મોબાઈલ ફોન-આધારિત બની રહ્યું છે. હવે શેરીમાં બાળકો બહુ ઓછાં દેખાય છે. મેદાનની રમતોનું સ્થાન ઓનલાઈન ગેમિંગે લીધું છે. બાળકો અતડાં બનતાં જાય છે. તેમને મનુષ્યો સાથે વાત કરવાનું ફાવતું નથી, પણ મશીનો સાથે રહેવામાં સલામતી લાગે છે. સ્માર્ટફોન અને સોશ્યલ મીડિયા બાળકોના સામાજિક, ભાવનાત્મક અને માનસિક વિકાસ પર ઊંડી અસર કરી રહ્યાં છે. વિવિધ એપ્લિકેશનો દ્વારા ઓફર કરવામાં આવતી અનંત સ્ક્રોલિંગ, ઓટો-પ્લે અને વિવિધ ડિજિટલ રિવોર્ડ્સ જેવી સુવિધાઓ કોઈ સંયોગ નથી. તે વપરાશકર્તાઓને તેમની સ્ક્રીન પર ચોંટાડવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. તે જ સમયે, તેઓ બાળકોની નિર્ણય લેવાની ક્ષમતા અને આવેગ નિયંત્રણ પર નકારાત્મક અસર કરે છે, જે હજુ પણ વિકસી રહી હોય છે.

યુનિસેફ ઇન્ડિયા ૨૦૨૫ ના અહેવાલ મુજબ ડિજિટલ ટેકનોલોજીએ શિક્ષણ અને ભાગીદારી માટે નવી તકો ખોલી છે, પરંતુ તે ગોપનીયતાનાં જોખમો, વ્યાપારી શોષણ અને ઓનલાઈન નુકસાન તરફ દોરી ગઈ છે. તેથી, બાળકોને કેન્દ્રમાં રાખીને ડિજિટલ અનુશાસનનું નિર્માણ કરવું આવશ્યક બની ગયું છે. ડિજિટલ યુગમાં બાળપણનું રક્ષણ ફક્ત ડિજિટલ સાક્ષરતા દ્વારા જ પ્રાપ્ત થશે નહીં. આ માટે સમજવાની જરૂર છે કે બાળકોનું એટેન્શન ફક્ત એક વ્યાપારી સંસાધન નથી પરંતુ બાળકોના વિકાસ માટે મૂળભૂત જરૂરિયાત છે. આ એટેન્શન કઈ વસ્તુઓ ઉપર કેન્દ્રિત થવું જોઈએ, એ નક્કી કરવાનો અધિકાર માબાપોના હાથમાં રાખવો જોઈએ.

શું ડિજિટલ દુનિયાનું નિયમન કરવાની જવાબદારી ફક્ત માતાપિતાની છે? કે પછી સરકાર અને ટેક કંપનીઓની પણ કોઈ જવાબદારીઓ છે? વિશ્વભરના ઘણા દેશોમાં નીતિ નિર્માતાઓ હવે આ મુદ્દાને ગંભીરતાથી લઈ રહ્યા છે. બ્રિટનનો વય-યોગ્ય ડિઝાઇન કોડ અને યુરોપિયન યુનિયનનો ડિજિટલ સર્વિસિસ એક્ટ સ્વીકારે છે કે ઓનલાઈન બાળકોનું રક્ષણ કરવું એ ફક્ત માતાપિતાની જવાબદારી નથી, પરંતુ ડિજિટલ પ્લેટફોર્મની પણ જવાબદારી છે. વાસ્તવિક પ્રશ્ન એ છે કે શું ભારત જેવો દેશ આવા આર્થિક મોડેલને મર્યાદિત રાખવા માટે તૈયાર છે, જ્યાં સસ્તા સ્માર્ટફોન અને સસ્તા ઈન્ટરનેટે બાળકોની ડિજિટલ દુનિયા સુધી પહોંચમાં ઘણો વધારો કર્યો છે. ભારત માટે પડકાર એ નથી કે બાળકો ઓનલાઈન હોવા જોઈએ કે નહીં, પરંતુ તેમની ડિજિટલ ઍક્સેસ તેમજ તેમની ડિજિટલ સલામતી સુનિશ્ચિત કરવી તે મોટો પડકાર છે.

એ નોંધવું યોગ્ય છે કે ભારત સરકારે અગાઉ બાળકોને ઓનલાઈન ધમકીઓથી બચાવવા માટે કડક પગલાંઓ લીધાં છે. તાજેતરના ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટમાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોના ડેટાને પ્રોસેસ કરવા માટે માતાપિતાની સંમતિ જરૂરી છે. વધુમાં, સોશ્યલ મીડિયા પ્લેટફોર્મને વધુ સુરક્ષિત બનાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે. આંધ્રપ્રદેશ, કર્ણાટક અને ગોવા જેવાં કેટલાંક રાજ્યોએ બાળકો માટે સોશ્યલ મીડિયા પર પ્રતિબંધ મૂકવાની યોજનાની જાહેરાત કરી દીધી છે. ભારતની સરકાર બાળકો માટે સોશ્યલ મીડિયા પર પ્રતિબંધ મૂકે તેની રાહ જોયા વગર જાગ્રત માબાપો આજથી આવો પ્રતિબંધ મૂકી શકે તેમ છે.

**ASER ૨૦૨૪ નામનો રિપોર્ટ દર્શાવે છે કે ૧૪ થી ૧૬ વર્ષની વયનાં ૮૯ ટકા કિશોરો ઘરે સ્માર્ટફોન ધરાવે છે. આમાંથી ૭૬ ટકા સોશ્યલ મીડિયા માટે સ્માર્ટફોનનો ઉપયોગ કરે છે**

# TET ફરજિયાતના નિર્ણયનો વિરોધ

**ગાંધીનગરની** સત્યાગ્રહ છાવણીમાં વિરોધ પ્રદર્શન

ગાંધીનગર: રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2010 પહેલાં સેવા શરૂ કરનારા શિક્ષકો માટે પણ ટેટ પરીક્ષા ફરજિયાત કરવાનો નિર્ણય જાહેર થતાં સમગ્ર શિક્ષક આલમમાં અસંતોષની લાગણી ફેલાઈ છે. આ નિર્ણયના વિરોધમાં આજે ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં શિક્ષકો ભેગા થઈ વિરોધ પ્રદર્શન કર્યું હતું.

વિરોધ દરમિયાન શિક્ષકોએ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી નિર્ણય પર પુનર્વિચાર કરવાની માંગ ઉઠાવી હતી. વિરોધ પ્રદર્શન કરી રહેલા શિક્ષકોનું કહેવું છે કે વર્ષોથી શાળાઓમાં સફળતાપૂર્વક ફરજ બજાવી રહેલા અને 15થી 20 વર્ષથી વધુનો અનુભવ ધરાવતા શિક્ષકોને હવે ટેટ જેવી પરીક્ષા આપવાની ફરજ પાડવી યોગ્ય નથી. તેમના મતે લાંબા સમયથી સેવા આપી રહેલા શિક્ષકોની કાર્યક્ષમતા તેમની કામગીરીથી જ સાબિત થઈ ચૂકી છે. અનુભવી શિક્ષકો પર નવી પરીક્ષાની શરત લાદવાથી તેઓ માનસિક તણાવનો સામનો કરશે. શિક્ષક સંગઠનોના પ્રતિનિધિઓએ સરકારને આ નિર્ણય પાછો ખેંચવા અપીલ કરી હતી.

શિક્ષક આગેવાનોએ ચેતવણી આપી છે કે જો વર્ષ 2010 પહેલાં નિમણૂક પામેલા શિક્ષકોને આ નિયમમાંથી મુક્તિ આપવામાં નહીં આવે તો આગામી સમયમાં સમગ્ર રાજ્યમાં તબક્કાવાર આંદોલન શરૂ કરવામાં આવશે. તેમાં કાળી પટ્ટી ધારણ કરીને વિરોધ નોંધાવવો, શૈક્ષણિક કામગીરીથી અલિપ્ત રહેવા સહિતના કાર્યક્રમોનો સમાવેશ થઈ શકે છે.

પ્રદર્શનના અંતે શિક્ષકો દ્વારા મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીને સંબોધીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું, જેમાં જૂના શિક્ષકોને ટેટની ફરજિયાતતામાંથી મુક્તિ આપવાની માંગ કરવામાં આવી છે.

## BUSINESS મિત્ર

# તણાવને અવગણીને તેજીનો દોર આગળ વધશે

**વિદેશી** રોકાણકારો (FII)ની એન્ટ્રીથી તેજીનો દોર જળવાઈ રહેવાની આશા, નિફ્ટી મિડકેપ પહેલીવાર 63,000ને પાર

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા. 11

અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધ વિરામ પર પુર્ણ વિરામ મુકાઇ જતા શેરબજારમાં મોટો કડાકો આવ્યો હતો, પણ આ ઘટાડો લાંબો ચાલ્યો નહતો અને બીજા જ ટ્રેડિંગ સેશનથી બજાર રીકવરી મોડમાં આવી ગયું હતું, જે સપ્તાહના છેલ્લા દિવસ સુધી પોઝિટિવ રહ્યું હતું. આમ, શેરબજારે વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલને પણ ડિસ્કાઉન્ટ કરી દીધું હોય તેવું લાગી રહ્યું છે. જેથી આ સ્થિતિ ચાલુ રહેશે અને ફરીથી બજારમાં પ્રવેશેલી એફઆઈઆઈની લેવાલી ચાલુ રહેશે તો બજારમાં તેજીનો દોર જળવાઈ રહેશે. બજારમાં ઘણા પરિબળો પોઝિટિવ થઈ રહ્યા છે, જેથી નેગેટિવ પરિબળોને ડિસ્કાઉન્ટ કરીને આગળ વધશે.

ખાસ કરીને મિડકેપ શેરોમાં જબરજસ્ત તેજી જોવા મળી રહી છે. જેમાં નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ પ્રથમ વખત 63000 પોઈન્ટને પાર નીકળી ગયો છે. સ્મોલકેપ શેરો પણ ઉછળી રહ્યા છે. જે 18 મહિનાની ઉંચાઈએ પહોંચી ગયા છે. જોકે, લાર્જકેપ શેરો હજુય થોડાક દબાણમાં છે, જે બહાર નીકળી જવાની પુરેપુરી સંભાવના દેખાઇ રહી છે. જેમાં બુસ્ટ આવશે.

આગામી સપ્તાહમાં અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ વધશે અને ફરીથી યુદ્ધ ચરમસીમાએ પહોંચશે તો ફરી એકવાર ક્રુડ ઓઈલની અવનજવન ખોરવાઇ જશે. યુએસ-ઈરાન ડીલ પુર્ણ થઇ ગયાના અહેવાલ બાદ ક્રુડ ઓઈલ ઉછળ્યો હતો અને બ્રેન્ટ ક્રુડ 76 ડોલર પ્રતિ બેરલ બોલાયો હતો, જેમાં 6 ટકાનો વધારો દર્શાવે છે. પણ છેલ્લા બે દિવસમાં ક્રુડ ઓઈલ સ્થિર રહ્યો હતો, તેમાં કોઇ મોટી વધઘટ જોવા મળી નહતી.

આ ઉપરાંત, અલનીનોની અસરથી ભારતીય અર્થવ્યવસ્થાને ફટકો પડે તેવી સંભાવના છે. જુનમાં સામાન્યથી 40 ટકા ઓછો હતો, જે એક સદીમાં ભારતનો પાંચમો સૌથી સુકો જુન રહ્યો હતો. આ ઉપરાંત, કંપનીઓની કમાણી ઉપર પણ નજર રહેશે. મેક્રો ઈકોનોમીમાં ફુગાવાના આંકડાની અસર બજારમાં જોવા મળશે.

પશ્ચિમ એશિયામાં નવેસરથી ભૌગોલિક રાજકીય તણાવ વચ્ચે ભારતીય શેરબજારમાં નુકશાન નોંધાવ્યું હતું. પણ સપ્તાહના અંતિમ તબક્કામાં સુધારાથી આ ઘટાડો ઓચો થયો હતો. યુએસ-ઈરાન સંઘર્ષમાં નાણાકીય વર્ષ 2027 વિકાસ માટેના વ્યાવસાયિક દ્રષ્ટિકોણ અને બજારના વધુ સંકેતો માટે ચોમાસાની પ્રગતિ પર સંકેતો માટે પ્રથમ કવાર્ટરની કમાણી પર નજર રહેશે.

વિતેલા સપ્તાહમાં સેન્સેક્સ 194.52 પોઈન્ટ એટલે કે 0.25 ટકા ઘટીને 77569.39 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે નિફ્ટી 63.95 પોઈન્ટ એટલે કે 0.26 ટકા ઘટીને 24206.90 પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 1.33 ટકા વધીને 17001.88 પોઈન્ટ અને બીએસઇ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.47 ટકા વધીને 7153.51 પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો.

# જુલાઈમાં FII પોઝિટિવ, 2000 કરોડ રૂપિયાની ખરીદી કરી

**વિદેશી** રોકાણકારોના વલણમાં પરિવર્તન જોવાયું, ડીઆઇઆઇએ 9250 કરોડની ખરીદી કરી

**ઇરાન** અને અમેરિકા વચ્ચેના યુદ્ધ વિરામ પર પુર્ણ વિરામ મુકાઇ ગયા બાદ બોલાયેલા જોરદાર ઘટાડા બાદ ગઇકાલે સૌથી વધુ રીકવરી જોવા મળી હતી

મુંબઇ, તા. 11. વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારો પર પોતાનું વલણ બદલ્યું છે. ગઇકાલે ભારતીય બજારમાં પણ રૂપિયા 2603.72 કરોડના શેર ખરીદ્યા હતા. ડીઆઇઆઇએ પણ 2019.68 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા.

ઇરાન અને અમેરિકા વચ્ચેના યુદ્ધ વિરામ પર પુર્ણ વિરામ મુકાઇ ગયા બાદ બોલાયેલા જોરદાર ઘટાડા બાદ ગઇકાલે સૌથી વધુ રીકવરી જોવા મળી હતી. જેમાં નિફ્ટી અને સેન્સેક્સ સહિતના અન્ય તમામ ઈન્ડેક્સ પોઝિટિવ બંધ થયા હતા. નિફ્ટી 1.02 ટકા એટલે કે 244.10 અંક વધીને 24,206 પર બંધ થયા હતા. સેન્સેક્સ 1.08 ટકા એટલે કે 827 પોઈન્ટના ઉછાળા સાથે 77,569 પર બંધ થયા હતા. બેન્ક નિફ્ટી 1.39 ટકા વધ્યો હતો. નિફ્ટી એફએમસીજી ઈન્ડેક્સ સિવાયના તમામ ઈન્ડેક્સ પોઝિટિવ બંધ થયા હતા.

ગઇકાલે એફઆઇઆઇએ 15318.07 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા, અને 12714.35 કરોડ રૂપિયાના શેર વેચ્યા હતા. જેની બજારમાં ચોખ્ખી ખરીદી 2603.73 કરોડ રૂપિયા રહી હતી. તેવી જ રીતે ડીઆઇઆઇએ 17171.75 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા, જ્યારે 15152.07 કરોડ રૂપિયાના શેર વેચ્યા હતા. જેની ચોખ્ખી ખરીદી 2019 કરોડ રૂપિયા હતી. વિદેશી સંસ્થાકીય રોકાણકારોનું રૂખ બદલાતું જોવા મળી રહ્યું છે, જેના લીધે જુલાઇ મહિનાની વાત કરીએ તો એફઆઇઆઇ પોઝિટિવ રહી છે, જેઓએ જુલાઇ મહિનામાં અત્યાર સુધીમાં 1968.81 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા. આ સમયગાળા દરમિયાન ડીઆઇઆઇએ 9245.91 કરોડ રૂપિયાની ખરીદી કરી છે. નિષ્ણાતો કહે છે કે વિદેશી સંસ્થાકીય રોકાણકારોનું પુનરાગમન ભારતીય શેરબજારો માટે સારા સંકેત છે. જો તેઓ વધુ ખરીદી કરવાનું ચાલુ રાખશે તો બજારમાં તીવ્ર રિકવરી જોવા મળી શકે છે.

# માણસો કરતાં મોબાઈલ વધુ: ગુજરાતમાં ‘ટેલી-ક્રાંતિ’!

**વસતિને** વટાવી ગયો ફોનનો આંકડો; 100% ટેલીડેન્સિટી સાથે રાજ્યમાં કુલ સબસ્ક્રાઇબર્સ 7.2 કરોડે પહોંચ્યા

અમદાવાદ, તા. 11. સ્માર્ટ ફોન એ જીવનનો એક હિસ્સો બની ગયો છે, જેની અવિરત સંખ્યા વધતી જોવા મળી રહી છે. ગુજરાતમાં એવી હકીકત બહાર આવી છે કે, જેમાં રાજ્યની વસતિની સામે મોબાઇલ ફોનની સંખ્યા વધી ગઇ છે.

તાજેતરમાં ટ્રાઇએ જાહેર કરેલા આંકડા અનુસાર ટેલિકોમ ઓપરેટરોએ મે મહિનામાં 4.06 લાખ નવા ગ્રાહકો ઉમેર્યા હતા, જેના કારણે રાજ્યની ટેલીડેન્સિટી લગભગ પાંચ વર્ષમાં પ્રથમ વખત 100 ટકાને પાર નીકળી ગઇ છે. ગુજરાતમાં કુલ ટેલિકોમ સબસ્ક્રાઈબર બેઝ 7.2 કરોડ પર પહોંચી ગયો છે, જેનાથી જુલાઇ 2021 પછી પ્રથમ વખત ટેલીડેન્સિટી 100 ટકાની ઉપર ગઇ છે.

સબસ્ક્રાઈબર્સ વધવાના કારણોમાં પરપ્રાંતિય શ્રમિકોના લીધે નવા ગ્રાહકો ઉમેરાયા છે, તેમજ ઓપરેટરોએ ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં તેમના નેટવર્કનો વિસ્તાર કર્યો છે, જ્યારે પોર્ટિબિલીટીની વિનંતીઓએ પણ એકંદરે વધારામાં ફાળો આવ્યો છે. ઓપરેટરો વચ્ચેની સ્પર્ધા પણ આ માટે એક મોટું પરિબળ છે.

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૭૩૩૦ |
| તેજાબી સોનું | ૧૪૭૨૪૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૯૯૩૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૪૪૩૮૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૭૩૩૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૬૭૫૦ |
| ચાંદી સિક્કા | ૨૨૮૨૫૦ |

# માલિક મૃત્યુ બાદ... તેમના કાયદેસરના વારસદાર સામે... આકારણીની કાર્યવાહી... શરૂ કરી શકાય...

## નામદાર મદ્રાસ હાઈકોર્ટનો અગત્યનો ચૂકાદો

કાયદાની કેડીએ... ઈશ્વર રૂદલાલ

જે વ્યક્તિનું મૃત્યુ થયું હોય... તેની હયાતિમાં તેની વેરાકિય જવાબદારી નક્કી કરવા માટે આકારણીની કોઇ કાર્યવાહી શરૂ ન કરવામાં આવી હોય તો પણ... તેના કાયદેસરના વારસદાર તેને વારસામાં મળેલ મિલકતમાંથી મૃત્યુ પામેલ વ્યક્તિની વેરાકિય જવાબદારી માટે જવાબદાર છે તેવોઅગત્યનો ચૂકાદો તાજેતરમાં નામદાર મદ્રાસ હાઈકોર્ટે આપ્યો છે. ખેર! નામદાર મદ્રાસ હાઈકોર્ટના વિ.દમયંતી વિ. લેઈર વિ. વાસુદેવના-પ્રો. વાસુ કેમીકલ -રી.પી.નં. 10000/-2026ના તા. 16-6-2026ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો....

**હકીકત...**

વાસુ કેમીકલ્સ નામની માલિકી પેઢીનો ઔદ્યોગીક સાબુ, પોલીસ વેચવાનો ધંધો હાતો. માલિકનું તા. 5-3-2019ના મૃત્યુ થતાં તેમનો ધંધો બંધ થયો અને GST કાયદા હેઠળનો રજીસ્ટ્રેશન નંબર તા. 31-12-19થી રદ કરવામાં આવ્યા. પેઢી દ્વારા વર્ષ 2018-19 દરમિયાન જનરેટ કરવામા આવેલ કેટલાક ઈવે-બિલને લગતા રિટર્નો ભરવામા આવેલ ન હોવાના કાણસર માલિકની પત્નીને ફોર્મ DRC-0એમાં નોટિસ બજાવવામાં આવી. પત્ની દ્વારા જવાબ આપવામા આવ્યો કે પતિના મૃત્યુ બાદ ધંધો બંક કરી દેવામા આવ્યો છે. તેમના ધંધા સાથે તે સંકળાયેલ નથી કે ધંધાના વ્યવહારો અંગે તેમને કોઇ જાણકારી નથી. ત્યારબાદ કારણદર્શક નોટિસ બજાવવામા આવી જેનો અગાઉ મુજબ જવાબ આપવામા આવ્યો. પરંતુ... પત્નીના જવાબનો સ્વીકાર કરી. તા. 11-12-25નો આદેશ પ્રસાર કરી... માંગણીની રકમ ઊભી કરવામા આવતા તે આદેશને નામદાર મદ્રાસ હાઈકોર્ટ સમક્ષ રીટ-પીટીશન ફાઈલ કરી પડકારવામા આવ્યો.

**દલીલ...**

અરજદાર વિદ્વાન કાઉન્સેલ તરફથી રજૂઆત કરવામા આવી કે માલિકની હયાતિમા આકારણીની કાર્યવાહી થઈ ન હોવાથી... મૃત્યુ બાદ તે ન કરી શકાય. કલમ 93 એવા જ કેસોને લાગુ પડે છે કે જેમા મૃત્યુ પામેલ વ્યક્તની તંત્રની હયાતિમા તેમની વેરાકિય જવાબદારી નક્કી કરતા કાર્યવાહી શરૂ કરવામા આવી હોય અને... મૃત્યુ સમયે પડતર હોય.

**ચૂકાદો...**

ના. હાઈકોર્ટે ચૂકાદો આપતા જણાવ્યું કે હાઈકોર્ટનો મને.. કલમ 93મા કરવામા વ્યક્તિના મૃત્યુ બાદ વેરો, વ્યાજ અને દંડની આકારણી કરવાની તેમજ તે વસૂલાત કરવાની જોગવાઈ છે. કલમ 74મા કરવાની વ્યક્તિનો ઉલ્લેખથી પરંતુ... વેરો ભરવાને જવાબદાર વ્યક્તિનો ઉલ્લેખ છે. આવી વ્યક્તિમાં કાયદેસરના વારસદાર પર વેરો ચૂકવવાની જવાબદારી સ્પષ્ટ રીતે લાદવામા આવી છે... એક વખત કાયદામા કરવાની વ્યક્તિના મૃત્યુ બાદ અધિકારીને વેરાકીય જવાબદારી નક્કી કરવાનો અધિકાર છે તેમાં કલમ 73 કે 74 હેઠળ આકારણી કરવાનો સત્તાનો સમાવેશ થાય છે અને તેમા નોટિસ બજાવવાનો અને જવાબદારી નક્કસ કરવાની તમામ પ્રક્રિયાના સમાવેશ થાય એમ જણાવી ના. હાઈકોર્ટે ઠરાવ્યું કે કરવાની વ્યક્તિના મૃત્યુ બાદ તેમના કાયદેસરના વારસદાર સામે કલમ 73 કે 74 હેઠળ આકારણીની કાર્યવાહી શરૂ કરી શકાય. અલબત વારસદારની જવાબદારી તેમને મૃત્યુ પામેલ વ્યક્તિ તરફથી જેટલી મિલકત વારસામાં મળી હોય તેટલા પૂરતી જ જવાબદાર મર્યાદિત રહે છે એમ જણાવી શટ-પીટીશન ડિસમીસ કરી.

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૬૦૦ |
| એમ-30 | ૪૫૫૦ |
| એસ-30 | ૪૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૪૫૦ |
| એસ-30 | ૪૩૫૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૨૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૭૦ | તલતેલ | ૪૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૩૩.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૮ | ૫૦/૩૬ ’’ | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૧ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૪ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૨ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૬ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૧૦૦ ટેક્ષ | ૧૩૯ | ૬૮ ક્રિમ્પ | ૧૪૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૯ | ૮૦/૭૨ રોટો | ૧૪૩ | ૭૫ ક્રિમ્પ | ૧૪૧ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ ’’ | ૧૪૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |